હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

લો સાહેબ આપણો એક પ્રશ્ન સોલ્વ થઈ ગયો... કોલસાથી થતાં પ્રદૂષણ રોકવાનો ઉપાય કરીએ તે પહેલા કોલસો જ ખતમ થઈ ગયો.

નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એલસીબી પોલીસે દબોચી લીધો

ગાંધીનગર શહેરના સે-૨૧ પોલીસ મથકના વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપીને વોચ ગોઠવી એલસીબી-૨ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલના સમયે પોલીસ તંત્ર દ્વારા નાસતા-ફરતા, પેરોલ ફલો, વચગાળાના જામીન, પોલીસ જાપ્તા તેમજ જેલ કેદીઓને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવ ચાલી રહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ નાસતા-ફરતા આરોપીઓના રહેણાંક તેમજ આશ્રય સ્થાનો ચેક કરી પકડી પાડવા માટે સુચના આપી હતી. સે-૨૧ પોલીસ મથક ખાતે વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી અજય સતિષભાઈ પટેલ (સી-૩ રામેશ્વર એપાર્ટમેન્ટ પાણીની ટાંકી પાસે થલતેજ, હાલ રહે. સી-૨૦૧ સ્વસ્તિક પ્લેટીનિયમ સ્વામીનારાયણ પાર્કની બાજુમાં ભંમરીયા ચાર રસ્તા નારોલ) ને પૂર્વ બાતમીને પગલે સે-૨૮ બગીચા ખાતેથી પકડી પાડી સે-૨૧ પોલીસને સોંપવામાં આવેલ છે.

મોંઘવારી છતાં ધીમે ધીમે દિવાળીની ખરીદી જામી રહી છે. મુખ્ય બજારોમાં વિવિધ ચીજવસ્તુઓ વેચતા ફેરીયાઓ જોવા મળી રહ્યા છે. સેક્ટર-૨૧ના મુખ્ય બજારમાં રેડીમેડ કપડાંથી લઈને ઘર સજાવટની ચીજવસ્તુઓની ખરીદી નીકળતા ભારે ભીડ જોવા મળી રહી છે. રોડ પર લારીઓ ઉભી રહેતા અહીં વારંવાર ટ્રાફિક જામ થઈ જાય છે. દિવાળીના દિવસોમાં અહીં ટ્રાફિક નિયમની જરૂરીયાત છે.

મનપાના સફાઈ કર્મીઓએ પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા ધરણા યોજ્યા

પ્રશ્નોનું નિરાકરણ નહી આવે તો ૧૫ નવેમ્બરથી સફાઈ-શૌચાલય કામગીરી બંધ કરશે

ગાંધીનગર,તા.૩૦ શનિવારના રોજ ફરીવાર ગાંધીનગર મહાનગર પાલિકાના સફાઈ કામદારોએ પોતાની પડતર માંગણીઓને લઈને મનપા કચેરી ખાતે ધરણા યોજ્યા હતા. જયારે પોતાની માંગણીઓનો ઉકેલ નહી આવે તો તા.૧૫ નવેમ્બરથી શહેરમાં સફાઈ અને ડોર ટુ ડોર શૌચાલયની કામગીરી બંધ કરી દેવાની ચિમકી ઉચ્ચારી છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં આઉટ સોર્સિંગથી કામ કરતા સફાઈ કર્મચારીઓએ હડતાલનું હથીયાર ઉઠાવ્યું છે. મનપા દ્વારા સફાઈ કામદારોને સ્માર્ટ વોચ બાંધી દઈ તેમની કામગીરીનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

આ સિસ્ટમનો સફાઈ કર્મચારી દ્વારા વિરોધ કરાયો હતો. જયારે સ્માર્ટ વોચ થી હાજરી પુરવાની જગ્યાએ રજીસ્ટર દ્વારા હાજરી ભરવામાં આવે તેવી કામદારોની માંગ છે. મહાનગર પાલિકાના સફાઈ કામદારોને સમાન વેતન અને સમાન કામ આપવા અંગે ગુજરાત સફાઈ કામદાર મંડળ દ્વારા માંગ કરાઈ છે. દિવાળીના પર્વને ધ્યાને રાખીને કામદારોને બોનસ અને એડવાન્સ પગારનો લાભ મનપા દ્વારા આપવો જોઈએ. જે તે સમયે કામદારોએ હડતાળ પાડતા ડે.મ્યુનિસિપલ કમિશનર દ્વારા પારણા કરાવી બાંહેધરી આપી પડતર માંગણીઓ અંગે ઘટતી કાર્યવાહી કરવા લેખિતમાં જણાવ્યું હતું. જેનો આજદિન સુધી અમલ કરાયો નથી. ત્યારે આગામી તા.૧૫ નવેમ્બરના રોજ શહેરમાં સફાઈ કામદારો સફાઈ તેમજ શૌચાલયની કામગીરી અને ડોર ટુ ડોર કામ બંધ કરી દેવાની ચિમકી ઉચ્ચારી છે.

ખૂણેખાંચરેથી

- આરોગ્ય વિભાગે આજે રાજ્યના તમામ જિલ્લાના રોગચાળા નિયંત્રણ અધિકારીઓની બેઠક યોજી હતી.
- મેટ્રો રેલ પ્રોજેક્ટને લઈ જિલ્લાના અધિકારીઓની એક મહત્વની બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર મનપા કચેરીમાં સીડી નજીક મુકાયેલ સેનીટાઈઝરના મશીનમાં છેલ્લા ૩ દિવસથી સેનેટાઈઝરનો જથ્થો ખાલી થઈ ગયો છે.
- ગાંધીનગર જિલ્લામાં પંચાયતોની ચૂંટણીને લઈ રાજકીય આગેવાનોની પરામર્શ બેઠકોનો આરંભ થયો છે.
- નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જ્હાનવી પટેલ આજે માણસા તાલુકાના પ્રવાસે ગયા હતા. તેમણે ઈટાદરા ઉપરાંત કેટલાક ગામોની પણ મુલાકાત લીધી હતી.
- જિલ્લામાં બેવડી ઋતુને લઈ વાયરલ ફિવર સહિતની બિમારીઓથી દવાખાના ઉભરાઈ રહ્યા છે.
- દિપાવલીના પર્વોમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદોને પગલે નગરજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.
- નેચર ફર્સ્ટ સંસ્થા દ્વારા દિપાવલીની ખરીદી દરમ્યાન પ્લાસ્ટીકનો ઓછો વપરાશ કરવા નગરજનોને અપીલ કરવામાં આવી છે.
- વાયબ્રન્ટ સમીટને લઈ ગાંધીનગરમાં બેઠકોનો ધમધમાટ વધી જનવા પામ્યો છે. સરકાર દ્વારા આ મહત્વાકાંક્ષી આયોજન અમલીકરણ અંગે અધિકારીઓની વિવિધ સમિતિઓ પણ રચી દેવામાં આવી છે.

કોરોનાકાળ બાદ રોજગારીના પ્રશ્નો વધુ વિકટ બન્યા છે. શિક્ષિત યુવાનો રોજગારી માટે ઠેર ઠેર ભટકી રહ્યા છે. હોમગાર્ડની ભરતી ચાલી રહી હોવાથી યુવાનો તેમાં ભરતી થવા માટે લાઈન લગાવી રહ્યા છે. હોમગાર્ડની કચેરીની બહાર યુવાનોની ભીડ જોવા મળી રહી છે.

આજે કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર ઉજવણી

દેશભરના તમામ રાજ્યોની પોલીસની એકતા પરેડ યોજાશે : આંતરરાષ્ટ્રીય રમતોમાં મેડલ મેળવનાર ૨૩ પોલીસ અધિકારીઓ ઉજવણીમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૩૦ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીએ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાન્નિધ્યમાં કેવડિયામાં આવતીકાલ ૩૧મી ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર ઉજવણી કરાશે. રાષ્ટ્રીય એકતાને વધુ સુદ્રઢ કરવા અખંડ ભારતના શિલ્પીની જન્મજયંતીએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીનો આરંભ કરાવ્યો છે. કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી અમિતભાઈ શાહ સરદાર સાહેબને પુષ્પાજલી અર્પી એકતા પરેડમા સહભાગી બનીને સલામી ઝીલશે. આ વર્ષે કેવડિયા ખાતે એકતા પરેડ, બેન્ડ પ્લાટુનના પર્ફોર્મન્સ, કેન્દ્રીય સશસ્ત્ર દળોની સાઈકલ રેલી, ચાર રાજ્યોની પોલીસની મોટર સાયકલ રેલી માર્શલ આર્ટ નિદર્શન, સ્કુલ બેન્ડ પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરાયું છે.

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં કેવડિયા ખાતે એકતા પરેડમાં ૬ પ્લાટૂન જોડાશે. જેમાં દેશના તમામ રાજ્યો અને કેન્દ્રીય પોલીસદળોના પ્રતિક સ્વરૂપે ૫૪ ફ્લેગ બેરર બીએસએફ, સીઆઈએસએફ, આઈટીબીપી, સીઆરપીએફ અને ગુજરાત પોલીસની પ્લાટૂન ભાગ લેશે. વર્ષ ૨૦૧૮ પછી જે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ વિવિધ આંતરરાષ્ટ્રીય રમતોમાં પદક મેળવ્યા છે એવા ૨૩ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ આ પરેડમાં ભાગ લેશે. બીએસએફ, સીઆરપીએફ અને ગુજરાત પોલીસના સંયુક્ત બેન્ડ પ્લાટૂનમાં ૭૬ સભ્યો ભાગ લેશે.

દેશના જુદા જુદા રાજ્યોમાંથી કેન્દ્રીય સશસ્ત્ર દળોના જવાનો આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે સાયકલ રેલી સ્વરૂપે અને ભારતની ચારેય દિશામાંથી પોલીસની ચાર મોટરસાયકલ રેલી પણ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાના સાનિધ્યમાં પહોંચી છે તેઓ પણ આ એકતા પરેડમા સહભાગી થશે. રાષ્ટ્રીય એકતા પરેડ પછી વુસુ માર્શલ આર્ટનું નિદર્શન યોજાશે અને આઈટીબીપીના કોમ્બેટ વ્હીકલના ખોલના અને જોડનાનું નિદર્શન પણ યોજાશે. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે રાજ્યની સ્કૂલોમાં કાર્યરત બેન્ડની ૩૬ ટીમો વચ્ચે ઈન્ટરસ્કૂલ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિજેતા થયેલ સ્કૂલ બેન્ડ પણ કેવડિયામાં યોજાનાર એકતા પરેડમાં ભાગ લેશે.

ઓરિસ્સાના ગંજામના કલાકારો રાષ્ટ્રીય એકતાની થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરશે. આઝાદીથી અત્યાર સુધીની યાત્રા પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ પણ કરાશે.

આજે શહેરમાં "સરદાર પટેલ જયંતિ" ઉજવાશે

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ તરીકે જાણીતા સરદાર વલ્લભભાઈ પટેલની તા. ૩૧ ઓક્ટોબરે જન્મ જયંતિને દેશભરમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરમાં પણ આવતીકાલે સચિવાલય સંકુલમાં વિધાનસભા સામે સ્થિત સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ સાથે અનેક સ્થળે વિવિધ કાર્યક્રમો થકી ઉજવણી કરવામાં આવશે. શહેરની અનેક સંસ્થાઓ તેમજ જિલ્લા લેઉઆ સમાજ દ્વારા પુષ્પાંજલી અર્પણ કરાશે.

ગાંધીનગરમાં વિધાનસભા સામેના ઉદ્યાનમાં આવેલી સરદાર પટેલની પ્રતિમાને વિવિધ રાજકીય તથા સામાજિક અગ્રણીઓ દ્વારા પુષ્પાંજલી અર્પણ કરીને સરદાર પટેલ જયંતિની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે શહેરના પાટીદાર સમાજના મોભીઓ દ્વારા પણ સરદાર પટેલને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી સંદર્ભે શહેરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ગાંધીનગર જિલ્લા લેઉઆ પટેલ સમાજ દ્વારા સવારે ૮.૪૫ કલાકે વિધાનસભા પટાંગણમાં સમાજના પ્રમુખ જશુભાઈ પટેલ તથા મહામંત્રી ઉરેન પટેલની હાજરીમાં પુષ્પાંજલીનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના ભાઈ-બહેનો પણ જોડાશે. આ ઉપરાંત શહેરની અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ પુષ્પાંજલી અર્પણ કરવાનું આયોજન કરાયું છે.

ડેમોક્રેટિક પીપલ્સ એસો. દ્વારા ઠંડીમાં ગરીબોને આશરો આપવાની વિનંતિ કરાઈ

ગાંધીનગર, તા. ૩૦ ડેમોક્રેટિક પિપલ્સ એસોસિએશન દ્વારા બહારગામથી મજૂરી અર્થે આવતા મજૂરો તથા આશરા વિહોણા ગરીબોને આ ઠંડીની ઋતુમાં રક્ષણ આપવા રાત્રી આશરા-નાઈટ શેલ્ટરમાં ખસેડવાની વ્યવસ્થા કરવા માટે ગાંધીનગર મ્યુ. કમિશનર તથા ગુજરાત સરકાર રસ્તા અને બાંધકામ વિભાગને આગ્રહપૂર્વક વિનંતી કરવામાં આવી છે.

રાયપુર ગામે બંધ મકાનમાંથી એલઈડી ટીવી-રોકડની ચોરી

કાકાના દિકરાએ જ ઘરમાં ખાતર પાડ્યું હોવાની શંકા વ્યકત કરાઈ

ગાંધીનગર જિલ્લાના રાયપુર બસ સ્ટેન્ડની બાજુમાં બંધ મકાનમાંથી ગતરાત્રીના રોજ એલઈડી ટીવી અને રોકડા રૂ.૫૮૦૦ મળી કુલ રૂ.૧૧,૮૦૦ની મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે રવિકુમાર ડાભીએ ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તસ્કરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ત્યારે ફરીયાદીએ કાકાના દિકરાએ જ ઘરમાં હાથફેરો કર્યો હોવાની શંકા વ્યકત કરી છે.

ગાંધીનગરના રાયપુર ગામે બસ સ્ટેન્ડની બાજુમાં રહેતા રવિકુમાર દાનાભાઈ ડાભી પોતાના પરિવાર સાથે રહે છે અને ઝાંક જીઆઈડીસી ખાતે ગુજરાત ટેકનોકાસ્ટીક કંપનીમાં ફરજ બજાવે છે. રવિ સોલંકી ગત તા.૨૯ ના રોજ સાંજના સમયે પત્ની અને દિકરાને લઈ રણાસણ ગામે ગયા હતા.જયાં તેમના સાઢુના દિકરાનો જન્મ દિવસ હોવાથી ગયા હતા. જયારે ઘરેથી નીકળતા સમયે ઘરના બંન્ને દરવાજા પર આગળ પાછળ તાળુ મારીને ગયા હતા. જયારે રાત્રીના દશ વાગે પરત આવીને જોયુ તો દરવાજાનું તાળુ તુટેલુ હતું. ઘરમાં પ્રવેશીને તપાસ કરતા ઘરના પાછળના ભાગનો દરવાજો ખુલ્લો હતો.

ઘરમાં દરવાજાની બાજુમાં લગાવેલ એલઈડી ટીવી ગાયબ હતું તેમજ રૂમમાં ગાદલાની નીચે બચત કરીને મુકેલા રોકડા રૂ.૫૮૦૦ પણ ન હતા. ચોરી અંગે ફરીયાદીને કાકાના દિકરા નરેશજી રમણજી ડાભી પર શક વ્હેમ જતા ફુલાજી રમણજી ડાભીને સાથે રાખીને નરેશજીના ઘરના ઉપરના માળે તપાસ કરતા નરેશજીના ઘરે એલઈડી ટીવી પર લગાવેલ પ્લાસ્ટીક તેમજ ફરીયાદીનું પાકીટ અને ટીવીનો ડેટા કેબલ મળી આવ્યો હતો.

સેકટર-૨૩ સ્વામીનારાયણ મંદિર પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૩૦ ગાંધીનગર શહેરમાં વાહન ચોરી ટોળકી સક્રિય થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના ભીડભાડવાળા તેમજ રહેણાંક વિસ્તારમાંથી સરળતાથી વાહનોની ઉઠાંતરી થવા પામે છે. શહેરમાં સમયાંતરે વાહન ચોરીના કિસ્સા સામે આવે છે. સે-૨૩ સ્વામીનારાયણ મંદિરમાં દર્શન કરીને પરત ફરે ત્યાં સુધીમાં પેશન પ્રો બાઈક નં. જી.જે. ૧૮.એ.જે. ૩૪૯૫ ની ઉઠાંતરી થઈ ગઈ છે. વાહન માલિકે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ પણ નોંધાઈ છે. ત્યારે શહેરમાં પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોર વ્યકિતઓ સરળતાથી નીકળી જાય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ, સે-૧૧, સે-૨૧, ૭ સહિત સે-૬, સે-૨૪ સહિત ન્યું ગાંધીનગરમાં સરગાસણ, કુડાસણ, રાયસણના સ્થળો વાહન ચોર માટે ફેવરીટ સ્થળ ગણાય છે.

આક્રોશ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પાઈપલાઈનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરમાં પાણીનો બગાડ પણ વિશેષ થાય છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં વારંવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. જો કે અગાઉ કરતા સેકટરોમાં પાણીની ફરિયાદો ઓછી થઈ છે. પરંતુ નવા સેકટરોમાં પણ સમયાંતરે ફોર્સથી પાણી સપ્લાય ન થતુ હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. આજે પણ શહેરના સે-૩ અને સે-૪ ના કેટલાક પોકેટમાં પાણીનો ફોર્સ ઘટી ગયો હતો જેના લીધે બપોર સુધીમાં જ ટાંકી ખાલી થઈ ગઈ હતી. પાણી ફોર્સથી ન આવતા રહીશો મુંઝાયા હતા. સેકટરોમાં વારંવાર પાણીની ફરિયાદો ઉઠવા પામે છે. શિયાળાની ઠંડીના દિવસો શરૂ થયા છે. ત્યારે સેકટરમાં પાણીના સપ્લાયમાં હજુ સુધી કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી પરંતુ કેટલાક ઠેકાણે સપ્લાયમાં અડચણો ઉભી થતા આ સમસ્યા ઉદભવી હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. શહેરમાં પાણી પુરવઠો ફોર્સથી મળી રહે તે માટે હાલ સેકટરામાં લાઈન નાંખવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. ત્યારે દિવાળીના તહેવાર ટાંણે કેટલાક વિસ્તારમાં પાણીનો ફોર્સ ઘટી જતા સેકટરવાસીઓએ ટેન્કર બોલાવવાની ફરજ પડી હતી.

૩૦ ટકા કામ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાઈપલાઈન નાંખવાની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં જુની અને કટાયેલી લાઈન દુર કરીને નવી મોટા ડાયામીટરની લાઈન નાંખી પાણી ફોર્સથી અને પુરતુ મળી રહે તે દિશામાં સર્વેના અંતે કામ શરૂ કરી દેવાયુ છે. શહેરના જુના સેકટરોમાં આ અન્વયે મુખ્ય લાઈન બદલવા માટેની ૩૦ ટકા કામગીરી કરી દેવામાં આવી છે. જો કે કોરોના કાળમાં આ કામગીરી શરૂ કરવામાં પણ વિલંબ થયો છે ત્યારે નિયત સમયમાં આ કામ પુર્ણ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. એકબાજુ બિલ્ડીંગ મટિરીયલ્સમાં સિમેન્ટ , સ્ટીલ સહીતના ભાવો વધતા સેકટરોમાં પાઈપ લાઈન બદલવાની કામગીરી પ્રભાવિત થઈ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. જેના લીધે કામ પણ મંદ ગતિએ ચાલી રહ્યુ છે. જો કે દિવાળી બાદ ઝડપથી કામ હાથ ધરવામા આવેશે તેમ પણ સુત્રોમાથી માહીતી મળી છે. સમગ્ર શહેરમાં બે વર્ષમાં પાણીની લાઈન બદલવાનુ કામ પુર્ણ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે જયારે કોરોનાના લીધે કામગીરી સમયસર શરૂ થઈ શકી નથી જયારે સર્વે અને અભ્યાસના અંતે કામ શરૂ કરવામાં પણ વિલંબ થયો છે. બીજીતરફ ગટર લાઈનની કામગીરી પણ સમાંતર શરૂ કરવામાં આવનાર છે. આ સ્થિતિ વચ્ચે પાણી ગટર લાઈનના ખોદકામના લીધે સેકટરોમાં માર્ગ સુધારણાના કામો પણ અટવાયા છે. સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટર લાઈન નવી નાખવાનુ કામ પુર્ણ થતા હજુ સમય લાગશે. આગામી દિવસોમાં ગટર લાઈનનુ કામ પણ શરૂ થઈ જશે.

શરેહની સ્થિતિ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિતિમાં છે. ચોમાસાની ઋતુમાં ઠેર ઠેર ઉગી નીકળેલા ઝાડી-ઝાંખરા જેવી વનસ્પતિઓ હવે સુકાઈને વધુ કચરો કરી રહી છે. જાહેર કચરો એકત્ર કરવા માટે મુકવામાં આવેલા કન્ટેનરો ઉભરાઈ રહ્યાં છે જેમાંથી રખડતાં ઢોર ખોરાક શોધવામાં કચરો વધુ ફેલાવી રહ્યાં છે. એકંદરે શહેરમાં દિવાળીના પર્વનું આગમન થઈ રહ્યું છે અને શહેરીજનોમાં ઉમંગ પણ વર્તાઈ રહ્યો છે પરંતુ શહેરની સ્થિતિ નિરાશાજનક વર્તાઈ રહી છે.

બીલ અટવાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમયથી ગ્રાન્ટ આવી નથી બીજીતરફ દિવાળીના તહેવારમાં મેન પાવરને પૈસા ચુકવવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. આ મામલે અધિકારીઓને રજુઆત કરીને પણ કોન્ટ્રાકટરો થાકી ગયા છે. પાટનગર યોજના ભવનમાં વર્ષ દરમિયાન અનેકવિધ કામો સાથે સંકળાયેલી એજન્સીઓને દિવાળીના તહેવાર ટાંણે બીલના સમયસર ચુકવાણા થઈ જાય તેવી માંગણી અને લાગણી પ્રબળ બની છે. માર્ચ મહીનામાં પણ ઘણીવાર ગ્રાન્ટના અભાવે મજુરોને હોળી દિવાળી ટાંણે પૈસાની ચુકવણી કરવાનુ કોન્ટ્રાકટરો માટે આકરુ બને છે. જયારે દિવાળીના તહેવારમાં પણ દરવર્ષે ગ્રાન્ટનો ક્કળાટ મુખ્ય બને છે. એકબાજુ કોન્ટ્રાકટરો બીલની ઉઘરાણી કરતા થાકી ગયા છે. ત્યારે તંત્રના અધિકારીઓ પણ ગ્રાન્ટ નથી રટણ કરતા આક્રોશ વધુ પ્રબળ બનતો જાય છે. કોરોનાના કપરા કાળમાં પણ આર્થિક તંગીના લીધે આમ પણ સ્થિતિ દયાજનક બની છે. ત્યારે દિવાળીના તહેવારને અનુલક્ષી સમયસર ગ્રાન્ટ રીલીઝ થાય તેવુ આયોજન કરવાના બદલે આખુ વર્ષ કામ કર્યા બાદ પણ સમયસર પૈસા ચુકવાતા નથી.

ટક્કર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘણા સવાલોના જવાબ શોધવાના છે અને કોચ રવિ શાસ્ત્રી અને મેન્ટર એમએસ ધોની આમાં તેની મદદ કરશે. પાકિસ્તાન સામેની મેચમાં હાર્દિક એક સ્પેશિયલિસ્ટ બેટ્સમેન તરીકે રમ્યો હતો અને ખભાની ઈજાને કારણે મેદાનની બહાર ગયો હતો. જોકે, શાસ્ત્રી, ધોની અને કોહલીની દેખરેખ હેઠળ તે પ્રેક્ટિસ સેશનમાં બોલિંગ કરતો જોવા મળ્યો છે.

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028, Gujarat, India
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 **Fax** : +91 79 2321 1966 **E Mail** : cs@kalpatarupower.com

Extract of Unaudited Financial Results for the Quarter and Half Year Ended September 30, 2021

(₹ in Crores)

Particulars	Standalone					Consolidated				
	Quarter Ended		Half Year Ended		Year Ended (Audited)	Quarter Ended		Half Year Ended		Year Ended (Audited)
	September 30, 2021	September 30, 2020	September 30, 2021	September 30, 2020	March 31, 2021	September 30, 2021	September 30, 2020	September 30, 2021	September 30, 2020	March 31, 2021
Total Income from Operations	1,618	1,882	3,204	3,341	7,671	3,549	3,032	6,753	5,362	12,949
Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items)	118	187	234	288	663	79	194	206	248	735
Net Profit for the period before tax(after exceptional and / or extraordinary items)	73	201	189	302	831	64	198	191	252	945
Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items)	37	159	113	228	615	83	139	161	167	662
Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax)	19	174	110	244	631	66	152	174	182	672
Equity Share Capital (Face Value of ₹. 2 each)	30	30	30	30	30	30	30	30	30	30
Other Equity (excluding Revaluation Reserve)					3,833					3,709
Earnings Per Share of ₹. 2 each (not annualised) (₹.) (for continuing and discontinued operations)										
a) Basic	2.48	10.36	7.59	14.80	40.57	5.57	9.38	10.95	12.27	44.25
b) Diluted	2.48	10.36	7.59	14.80	40.57	5.57	9.38	10.95	12.27	44.25

Notes to consolidated results:
1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on October 30, 2021. The same have also been subjected to Limited Review by the Statutory Auditors.
3 On April 7, 2021 the Company's wholly owned subsidiary Kalpataru Power Do Brasil Participacoes Ltda.("KPBPL"), Brazil has acquired 51% equity stake in Fasttel Engenharia Ltda., Brazil ("Fasttel") for ₹. 62 crores, and in addition a call/put option for additional 29% equity stake. As required under Ind AS 103 "Business Combination", KPBPL has fair valued all assets and liabilities of Fasttel, resulting in Goodwill of ₹. 61 crores and financial liability of ₹. 32 crores.
4 On account of continuous disruption and blockade of traffic on National Highway-71 due to farmer agitation with stoppage of toll collection, Kurukshetra Expressway Private Limited ("KEPL" or "Concessionaire"), a joint venture of JMC Projects (India) Ltd. ("JMC"), has issued a notice of termination of Concession Agreement ("CA") vide letter dated 7th October, 2021 to the National Highway Authority of India ("NHAI"). The provisions of Concession Agreement clearly provides for termination events, which are not in the control of KEPL, and payment obligation of NHAI thereunder towards the amount of Debt Due and Adjusted Equity with necessary adjustments. JMC (a subsidiary of the Company) has recognized provision towards Expected Credit Loss of ₹. 49 crores (adjusted for equity loss already recognized) against loans given to KEPL/others. All capitalized terms used but not defined shall have the same meaning as given to them under the Concession Agreement, except Company and Expected Credit Loss.
5 JMC has also recognized provision for impairment of ₹. 15.43 Crores in value of intangible assets of a subsidiary namely Wainganga Expressway Private Limited, which is presented as exceptional items.
6 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

Place : Mumbai
Date : October 30, 2021

Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a.) In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants. b.) Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.